

પ્રવીણ શાસ્ત્રી
shastripravinkant@yahoo.com

  

Google Images

*વાંચો, લલ્લુ લેખકની બુક "રાહુલનો બ્રહ્મચર્યાશ્રમ"*

# લલ્લુ લેખક થયો

## વાર્તા # ૨૮

'અરે! તમે સાંભળો છો? હું તો બુમો પાડી પાડીને થાકી ગઈ. ઘાંટોયે બેસી ગયો. સાંભળતા જ નથીને! ઉપર બાથરૂમમાં બેસીને ત્રણ કલાકથી પેપર વાંચ્યા કરતા હશે.' ચંપાબેનનો બબડાટ ફફડાટ ચાલતો હતો.

ચંપકલાલ હાથમાં પેપર લઈને નીચે ઉતર્યા.

'રવિવારને દિવસેયે શાંતિથી પેપર વાંચવાનું મળતું નથી. ત્રણ વખત આપણાં બન્ને બાજુના પાડોસીને સંભળાય એવા અવાજમાં મેં જવાબ વાળ્યો કે તમે શું કહો છો! પણ કંઈ કહેવાને બદલે ગામ ગજાવો છો. સાંભળો છો...સાંભળો છો. સાંભળો છો. બોલો મારે શું સાંભળવાનું છે? આજની કઈ કથા સંભળાવો છો?'

'કથા નથી. સમાચાર છે. આજે આપણે મંદિરે નથી જવાનું.'

'કેમ? આજે રવીવારે ઘરનું ખાવાનું છે? મારા ભાગ્ય ખૂલ્યા.'

'ના...ના. ક્યાં તો કોઈને ત્યાં જઈશુ અથવા બહાર હોટલમાં જઈશું.'

'તમારી શ્રદ્ધા ભક્તિમાં કેમ ઓટ આવવા માંડી? કેમ, મંદિરે નથી જવું? ભગવાનને આજે તમારા દર્શનથી કેમ મુક્તિ આપી?'

'આવું આડું બોલશો તો પાપમાં પડશો. આ તો, આજે તમારા ભાઈબંધ લલ્લુભાઈ ત્યાં હશે.'

'કોણ લલ્લુ લાખણસી? એતો કાયમ જ ત્યાં આવે છે. એ અમારી બાકડા બેંચ પરિષદનો લાઈફ મેમ્બર છે. એના વગર તો મજા જ નથી આવતી.'

'અરે! હું તો કેતી'તી કે તમારા દોસ્ત લલ્લુભાઈને લેખક થવાનો ચસકો લાગ્યો છે.. તમને ખબર છે? એણે કોઈ ચોપડી છપાવી છે.'

‘અરે, વાહ. આતો આનંદની વાત છે. અમારો લલ્લુ લાખણસી લેખક થયો. લલ્લુતો મારો કેટલાએ વરસો જુનો દોસ્ત. કાયમ ઉંધી ખોપડીનો લબાડી જાત જાતની વાતો લાખ્યા કરે. એટલે તો અમારા ગ્રુપમાં બધા એને લલ્લુ લાખણસી કહે. તને કોણે કહ્યું કે એ લેખક થયો? ચન્દુ ચા વાલો કહેતો કે લલ્લુને વાંચતા આવડે કે કેમ તે જ મોટો સવાલ છે ત્યાં લખવાની વાત ક્યાં આવી! વાતો લાખવી અને વાર્તાઓ લખવી એમાં બહુ ફેર.’

‘પણ તમને કોણે કહ્યું કે લલ્લુએ બુક પબ્લિશ કરી છે?’

‘આતો લલીબેન મળ્યા'તા. કે'તાતા કે એમણે કોઈ ચોપડી લખી છે. હવેથી દર રવીવારે મંદીરની બહાર ટેબલ રાખીને ચોપડી વેચવાના છે.’

‘બદમાસ છૂપો રૂસ્તમ નિકળ્યો. કદાચ કોઈ ભજનની ચોપડી લખી હશે. એને ગાવા વગાડવાનો શોખ છે, તે તો અમને ખબર છે. બિચારાના ઘરવાળા એના રાગડાથી ત્રાસે એટલે અમારી પાસે આવીને કંઈ ગાય. એની દયા ખાઈને અમે કાન અને ધ્યાન બીજે રાખીને પણ બે ત્રણ મિનીટ એને ગાવા દઈએ. બીચારો ખુશ! જે હોય તે. નહીં વાંચીયે તો પણ સપોર્ટ કરવા વખાણ તો કરવા જ પડશે. જો એ ચોપડી વહેંચતો હોય તો મંદિરે જઈને બે ચાર ચોપડી લઈ આવીશું.’

‘તમે બધાની સામે મને બહેરી બહેરી કહો છો પણ તમે જ સાવ બહેરા છો. મેં કીધું કે વેચવાના છે. વહેંચવાના નથી. ને એટલે જ કહું છું કે આજે મંદિરે જવાનું માંડી વાળીશું. મને તમારો સ્વભાવ ખબર છે. ચોપડા જોઈને ભૂત આવે. એકને બદલે ચાર પાંચ ચોપડી ખરીદી લેશો. ભાઈબંધ છેને! ઘરમાં ઊધાઈ ખાનું નથી કરવું. મફત આલે તો પણ એક જ લેજો ને વાંચીને બીજા કોઈને પધરાવી દેજો.’

‘ના, ના... તો, તો, જવું જ પડશે. અભિનંદન અને આશ્વાશન આપવા જવું જ પડે. આતો મૈત્રીનો પ્રોટોકોલ કહેવાય.’

‘તમે અભિનંદન આપવા જવાના કે આશ્વાસન આપવા જવાના?’

‘બન્ને.’

‘કેમ બન્ને?’

‘બુક લખી તેના અભિનંદન અને બુક વેચાવાની નથી તેનું આશ્વાશન. આજના જમાનામાં ક્યો ગુજરાતી નવા લેખકની ચોપડી વસાવવા માટે વોલેટ ખોલે છે? બિચારાને બુક લખવા માટે કોઈએ ચઢાવ્યો હશે એટલે કુલણસી એ કંઈ લખી માર્યું હશે. બિચારો લલ્લુ.’

‘બી.પી. માં એને માટે સપોર્ટ ટીમ ઉભી કરવી પડશે.’

બી.પી. એટલે બાંકડા(બેંચ) પરિષદ. મંદિરના બહારના હોલમાં જોડા ચંપલ કાઢવાની એક રૂમ. રૂમની બાજુમાં રેસ્ટરૂમ. રેસ્ટ રૂમની બાજુમાં બસવા માટેના ખૂણામાં ચાર પાંચ બાંકડા. એ બાંકડાઓ ઉપર દર રવીવારે ડાહ્યાલાલ, ગાંડાભાઈ, સંદિપ ભંડારી, ચંદુ ચાવાળો, મનસુખ, સુનિલ, લલ્લુ લખણસી, મંગુ મોટેલ,

ચંપકલાલ ચતુર્વેદી એટલે કે ચંપક ચતુર વગેરે અડ્ડો જમાવતા. ડાહ્યાલાલ વિધુર હતા. એકલા આવતા. બાકીનાઓ તેમના શ્રીમતિજીઓ સાથે આવતા. ખરેખરતો આવવું પડતું. મંદિરમા દર્શન કરી બહાર બાંકડા પર બેસી માત્ર ગામની જ નહિ પણ આખી દુનિયાની પંચાત કરતા. સમગ્ર દુનિયાની દરેક સમસ્યા નિવારણ માટે આ ચતુર પુરુષો પાસે ઉકેલ હતો. આરતી પહેલા મહાપ્રસાદની લાઈનમાં પતિદેવોએ ઉભા રહી જવાનું.

મંદિરના સભાગૃહમાં મહિલાઓ જુદા જુદા ગ્રુપમાં પોત પોતાનું સપોર્ટ ગ્રુપ બનાવીને હૈયા-વરાળ કાઢતા. સાસુઓનું એક ટોળું એક બાજુ તો બીજી બાજુ વહુઓની ગેંગ. ડાબા ખૂણામાં દેરાણીઓ અને જમણા ખૂણામાં જેઠાણીઓ. સંસ્કારી કન્યાઓ સાથે ડેટિંગ માટે ફાંફાં મારતા ધાર્મિક સુપુત્રો આ મંદિરમાં ભેગા થતા.

લલ્લુને આશા હતી કે ત્રણસો ચારસો માણસો દર રવીવારે ભેગા થાય છે, પચાસેક પુસ્તક તો વેચાશે. એણે સરસ ટેબલ ગોઠવ્યું. સફેદ લેંઘો, કફની, ઉપર બદામી બંડી, આંખ પર કાળી ફ્રેમના ચશ્માં, કપાળ પર મંદિરના પુજારીએ કરેલો ઓફ સેન્ટર ચાંલ્લો, વિખેરાયલા વાળ અને 'સેવ' કર્યા વગરનો દયામણો ચહેરો. ખભા પર કાંણાવાળો જુનો બગલ થેલો.

કાયમ જિન, ટીશર્ટ અને ગોગલ્સ ચડાવીને ફરતો લલ્લુ, પાંસઠની ઉમ્મરેયે પિસ્તાળિસનો લાગતો તે આજે ઓગણીસસો પચાસનો બરબાદ સાહિત્યકાર બનીને પોતાનું પુસ્તક વેચવા ઉભો હતો.

એક પૂંઠા પર લખ્યું હતું; "વાંચે ગુજરાત".

વાંચો.... લલ્લુભાઈ લીખીત આધુનિક નવલિકા સંગ્રહ...... "રાહુલનો બ્રહ્મચર્યાશ્રમ"

મંદિરના દશનાર્થીઓ (ભગવાનના નહીં, મંદિરના...) આવવા માંડ્યા હતા. ટેબલ પાસે ઉભા રહીને ચોપડી ઉથલાવતા, ઉપર કિંમત જોઈને પાછી મુકીને ચાલતા થતા. એક બેન આવ્યા. એમણે ત્રણ ચોપડી ટેબલ પરથી ઉપાડી અને ચાલવા માંડ્યું. લલ્લુ બાઘાની જેમ તેને જોઈ રહ્યો. બાંકડા પરિષદના મિત્ર ચંપકલાલ લલ્લુના ટેબલ પર ધ્યાન રાખતા હતા.

એમણે બેનને અટકાવીને કહ્યું " બેન, આ મફત નથી હોં . એક બુકના વીસ ડોલર થાય. તમે સાંઠ ડોલર આપ્યા વગર બુક લીધી તે શોપ લિફ્ટિંગ કહેવાય."

"ઓ બાપરે! આતો ચોરી પર શિરજોરી. મંદિરમાં તો બધું મફત જ હોય. તમે તો મંદિરમાં વેપાર કરીને ભગવાનના ભક્તોને લૂટવા બેઠા છો. નથી જોઈતી તમારી બુક." બેન બુક ટેબલ પર પછાડીને ચાલતા થયા.

બિચારો લલ્લુ!

એક ડોસીમાં આવ્યા. "ભઈ, આમાં કેટલા ભજન છે? ભજન સીનેમાના રાગમાં તો છે ને?"

"ના બા, આતો વાર્તાની ચોપડી છે."

"હવે મારી આ ઉમ્મરે વાર્તાનું હું કામ ભૈ? ભજન કરીએ તો કલ્યાણ થાય. આતો મારી વહુ કે'તી હતી કે બા તમારી પાછળ અમારે ભજનની ચોપડી વ્હેંચવી પડશે. તમને ગમે તેવા ભજનની ચોપડી સસ્તા ભાવે લઈ રાખજો. અંદર તમારો ફોટો મુકાવી દઈશું. જે શ્રી ક્રિષ્ના દીકરા." બા ચલતા થયા.

બિચારો લલ્લુ....ભજનની બુક લખી હોત તો પ્રિન્ટીંગનો ખર્ચો તો નીકળતે!!

બે ત્રણ છોકરીઓ આવી. ટેબલ પરની બુક હાથમાં લઈ પાના ફેરવ્યા.

"શી..ટ  ઈટ્સ ઈન ગુજરાતી. ધીસ ઈઝ અમેરિકા. વ્હાય સ્ટુપિડ ઓથર હેઝ ટુ રાઈટ ઇન ગુજરાતી? એક મોં મચકાવીને ગણગણી.

એમાંની એક ઈન્ડિયાથી તાજી આવેલી છોકરી થોડી જ્ઞાની હતી. એણે રાહુલ ગાંધીનો ફોટો જોઈને કહ્યું, "આતો સોનીયા ગાંધીનો સન છે. એની વાત હશે. બ્રહ્મચર્યાશ્રમ એટલે હજુ અનમેરિડ છે. અન ટચ્ડ મર્ચન્ડાઈસ. યુ નો વોટ આઈ મીન!'

લલ્લુએ ઉત્સાહમાં આવીને કહ્યું 'કટાક્ષિકાઓ છે, વાંચવા જેવી સ્ટોરીઝ છે.'

છોકરીઓ અંદર અંદર વાતો કરતી હતી. "ઈઝ હી રિયલી રિયલી વર્જીન?"

બીજીએ સામે પુછ્યું "ચાંપલી! આર યુ? "

મે બી... મે નોટ બી....ઈટ ડિપેન્સ, હુ ઈઝ આસ્કિન્ગ! બટ આઈ ઓન્લી નો ઘેટ રાહુલ ઈઝ સિંગલ લાઈક યુ."

છોકરીઓ પણ બુક લીધા વગર ચાલી ગઈ.

બિચારો લલ્લુ!!!

એક આધેડ દંપતી...પત્નીને વાંચવાનો શોખ્ હોય એવું લાગતું હતું. પત્નીએ પુછ્યું, 'બુક લઈશું?'

પતિદેવનો રિસ્પોન્સ. 'ઉતાવળ શી છે? લાઈબ્રેરીમાં તો આવશેજ ને! ત્યારે વાંચી લઈશું. અરે, એક બે મહિના પછી કોઈ દેશીના ગરાજ સેલમાં પાંચ દશ સેન્ટમાં મળી રહેશે. વીસ ડોલરની બુક ક્યો મુરખ વસાવવાનો છે?'

બિચારો લલ્લુ....!!!!

બીજા એક બહેન આવ્યા. બુક હાથમાં લીધી. પાના ઉથલાવવા માંડ્યા. ભીંતને અંઢેલીને બુક વાંચવા માંડી. લગભગ ચાળીસ મિનીટ વાંચ્યા પછી બુક ટેબલ પર મુકી.

એણે કહ્યું, 'સરસ વાર્તાઓ છે. વેરી હ્યુમરસ, વેરી નાઈસ. ફેસ બુક પર મુકવા જેવા ક્વોટૅશનસ છે. આવતા રવિવારે તમે આવશોને? ત્યારે હું પુરી વાંચી નાંખીશથોડી નોટ્સ પણ ટપકાવી લઈશ.

કોન્ગ્રેચ્યુલેશન. મજા આવી ગઈ. કદાચ કોઈ કોન્ગ્રેસી તમને સ્યૂ કરએ તો આ કાર્ડ તમારી પાસે રાખજો. મારા હસબન્ડ એટર્ની છે.’

ચંપકલાલથી ન રહેવાયું, 'બેન, ગમતી હોય તો ખરીદીજ લોને?'

બેનનો જવાબ મળ્યો ' કાકા હું તો મોટેભાગે ઈન્ટરનેટ પર જ વાંચું છુ. નેટ પર ન હોય તે બાર્ન એન્ડ નોબલમાં જઈને વાંચી લઉં છું. વસાવીને વાંચવાની કુટેવ નથી. ઈ-બુક બનાવી દો ને! ખુબ ઝામશે.’

લલ્લુએ નિસાસો નાંખ્યો......

એટલામાં બેન્ચ પરિષદના સુરતી સભ્ય ચન્દુ ચાવાલા આવ્યા.

‘લલ્લુ ટને ચોપરી છપાવવાની સલ્લાહ કયા ડફ્રોરે આપી?

આ તો પેલા શાસ્ત્રી કહેતા હતા કે ‘મોદીએ વાંચે ગુજરાતનું અભિયાન શરુ કર્યું છે. એટલે એની જેમ મેં પણ લખવાનું શરૂ કર્યું.’

‘ટો લલ્લુ મારી વાટ સીધ્ધે સીધ્ધી ટારા બ્રેઈનમા ગોઢવી ડે. સાસટ્રી હાઉ ભંગાર લખે છે. હવે લખવાનું બંઢ જ કરવાનો છે. એને બઉ મોરી મોરી અક્કલ આવી કે નરેન્દ્ર મોડીએ ટો "વાંચે ગુજરાટ" માં વાંચવાનું કઈલુ. લખવાનું નઈ. આવટા વીકમાં એ એના બ્લોગમાં જનાવવાનો છે કે એ કેમ હવે નઠી લખવાનો.

ચંપકલાલે કહ્યું, લલ્લુ, દોસ્ત હિમ્મત ન હારતો. તું લખવાનું ચાલુ  રાખજે. હમણાં ઈલેક્શન આવે છે. તારી બુકમાં તેં ભાજપવાળાને ગમે એવી, રાહુલની ફિલમ ઉતારી છે. ભાજપવાળા તારી બધી બુક ખરીદી લેશે. ને ભલે શાસ્ત્રી લખવાનું બંધ કરે. એની વાર્તામાં ઢંગધડા વગરની જ હોય છે.

‘તું લખવાનું ચાલુ રાખજે. ધીમે ધીમે તારું નામ જાણીતું થશે એટલે તારી બુક વેચાશે. લે આ બસો ડોલર તારી પાસે રાખ. મને નવ બુક આપી દે. હું આપણા બીપી મેમ્બર્સને મારા તરફથી તારી બુક ભેટ આપીશ. સાલા બધા મફતિયા છે. પાડોસીનું છાપું, પાડોસી કરતાં મફતમાં પહેલું વાંચે એવા છે. ને સાંભળ એક બુક તારી ભાભી ચંપાને ભેટ આપજે  પણ  કહેતો નહિ કે મેં ખરીદી છે. ગુડ લક'

'લલ્લુ જો ટારે લખવુ જ હોય ટો હું ટને સ્ટોરી સીડ આપીસ. આઈ મીન કઠા બીજ આપીસ. પછી ટારે કોઈ જાનીટા કવિટા લખવા વારાની બે લાઈન હેડિંગમાં ગુસાડી ડેવાની. ઠોરુ ડર્ટી લખી માર્વાનું. બસ ટુ એકડમ પોપ્યુલર ઓઠર થઈ જહે.' ચદુભાઈ ચાવાલાએ છેવટે લલ્લુને મદદ કરવાનું વચન આપ્યું.

Original Published in

TIRANGA IN NEW JERSEY

(Revised for Blog)